
No Pages to Display

ભેટ. શારદા મંદિર બા.મે.

બાલવિનોદ ગ્રંથાવલિ ☆ પુસ્તક નવમું



# બીકણ સસલી

☆

સંપાદક : નાગરદાસ ઇ. પટેલ

ચિત્રકાર : જગમોહન મી કણ.

ન પાન ઊડ્યાં. ઊંચેથી

ડ્યાં: એક બાર સસલીની

બાલવિનોદ કાર્ય

આવૃત્તિ પહેલી : ૧૯૪૫ બીજી : '૪૭ ત્રીજી : '૫૦ ચોથી : '૫૪
પાંચમી : '૫૯ છઠ્ઠી : '૬૩ સાતમી : '૬૭ આઠમી : '૬૯
નવમી : '૭૧ દસમી : '૭૩

---

મુંબાઈ સરકારના કેળવણીખાતા તરફથી મંજૂર

☆

'શબ્દમાળા' ની મદદથી વાચન શીખ્યા પછી બાલકો વાંચવાનું માગે છે અને એને અનુકૂળ બહુ જ થોડાં પુસ્તકો આપણા સાહિત્યમાં છે. ૭ થી સાત વરસનાં બાલકો માટે વિવિધરંગી પુષ્કળ ચિત્રોવાળાં મોટા અક્ષરે છાપેલાં પુસ્તકોની ખૂબ જરૂર છે. એને માટે અમે **બાલવિનોદ ગ્રંથાવલિની** યોજના કરી છે.

બાલજગત એને સત્કારશે અને એનો બહોળો પ્રચાર કરશે એવી આશા છે.


સંપાદક

☆

બીકણ સસલી .... ૩
ઊંટની ઉત્પત્તિ .... ૧૨
અજાણ્યો મિત્ર .... ૨૧

☆

: પ્રકાશક :
મતિ નાગરદાસ પટેલ
ાલવિનોદ કાર્યાલય
-સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨




# બીકણ સસલી

☆

એક હતી સસલી.

એ હતી બારે બીકણ. જરા જરામાં બીએ. વા વાય ને બીએ. ઝાડ હાલે ને બીએ. સસલી તો બારે બીકણ.

વાવાઝોડું થયું ને પાન ઊડ્યાં. ઊંચેથી ચણી બાર પડ્યાં: એક બાર સસલીની




પીઠ પર પડ્યું. એની બીકનો પાર ન રહ્યો. એણે જાણ્યું કે આભ તૂટી પડ્યું.

આંખો મીંચીને એ દોડી. દોડીજ ગઈ.

'નાસો રે ભાઈ, નાસો. દટ્ટણ આવ્યું પટ્ટણ આવ્યું, આભ આખું તૂટી પડ્યું. દોડો રે ભાઈ, દોડો.' એ બોલતી જાય.

એવામાં એને શિયાળ મળ્યું.

'સસલીબાઈ, સસલીબાઈ! ભાગો છો કેમ? શું થયું ને શું નહિ?'




સસલી બોલી: 'નાસો રે ભાઈ નાસો! હફ્ફણ આવ્યું પફ્ફણ આવ્યું. આભ આખું તૂટી પડ્યું. કેડ મારી ભાગી નાખી. દોડો રે દોડો!'

શિયાળને બીક લાગી તે સસલીની પાછળ એ પણ દોડવા લાગ્યું.

એવામાં હરણ મળ્યું.

હરણ પૂછે: 'સસલીબાઈ, સસલીબાઈ! દોડો છો કેમ! શું છે ને શું નહિ!'

સસલી બોલી: 'ભાગો રે ભાઈ ભાગો!



હડૂણ આવ્યું, પડૂણ આવ્યું. આભ આખુ તૂટી પડ્યું. દોડો રે ભાઈ દોડો !'


હરણને પણ બીક લાગી તે દોડવા માંડ્યું.

આગળ સસલી ને પાછળ શિયાળ ને હરણ. જાયરે દોડ્યાં ! જાયરે દોડ્યાં !

એવામાં કૂતરો મળ્યો. તે પૂછે:

'સસલીબાઈ, સસલીબાઈ, ભાગો છો કેમ ? શું છે શું નહિ ?'

સસલી બોલી: 'હડૂણ આવ્યું પડૂણ




આવ્યું. આભ આખું તૂટી પડ્યું. કેડ મારી ભાગી નાખી, નાસો રે ભાઈ નાસો!'

કૂતરાને બીક લાગી તે એણે પણ આ બધાંની પાછળ દોડવા માંડ્યું.

એવામાં ગધેડો મળ્યો. તે પૂછે:

'સસલીબાઈ, સસલીબાઈ, ભાગો છો કેમ? શું થયું ને શું નહિ?'

સસલી બોલી: 'નાસો રે ભાઈ નાસો! હડૂણ આવ્યું પડૂણ આવ્યું, આભ આખું




તૂટી પડ્યું. કેડ મારી ભાગી નાખી, દોડો રે ભાઈ દોડો !'

ગધેડાને બીક લાગી તે એણે પણ બધાંની પાછળ દોડવા માંડ્યું. સસલી, શિયાળ, હરણ, કૂતરો ને ગધેડો જાય રે દોડ્યાં.

એવામાં વાઘ મળ્યો. તે પૂછે:

'સસલીબાઈ સસલીબાઈ! ભાગો છો કેમ? શું થયું ને શું નહિ?'

સસલી બોલી: 'દફણ આવ્યું, પફણ




આવ્યું આભ આખું તૂટી પડ્યું, કેડ મારી ભાગી નાખી, દોડો રે ભાઈ દોડો !'

વાઘ પણ બીધો તે સૌની પાછળ દોડવા લાગ્યો.

બધાં દોડતાં હતાં ત્યાં સિંહ મળ્યો.

સિંહે પૂછ્યું : 'સસલીબાઈ, આવડી મોટી અલગાર લઈને ભાગો છો કેમ ?'

સસલી બોલી : 'નાસો રે ભાઈ નાસો, દફ્ફણ આવ્યું પફ્ફણ આવ્યું, આભ આખું




તૂટી પડ્યું. ફડ મારી ભાગી નાખી. હ્રાડો રે ભાઈ હ્રાડો!'

સિંહ તો આખા વનનો રાજા. એ તે કાંઈ બીએ! એ તો સામો પૂછે:

'ક્યાં છે તારું દફ્ફણ ને ક્યાં છે તારું પફ્ફણ! ચાલ આગળ થા ને મને બતાવ. પછી હું છું ને તારું આભ છે. ચાલ આગળ થા.'

ધ્રૂજતી ધ્રૂજતી સસલી આગળ થઈ.



એની પાછળ શિયાળ, હરણ, કૂતરો, ગધેડો, વાઘ ને સિંહ પણ ચાલ્યાં.

સસલી તો બોરના જાળા પાસે આવી પહોંચી ને એ ઊભી હતી તે જગ્યા બતાવી.

ત્યાં બે ચણીબોર પડ્યાં હતાં. દફણ નહોતું, પફણ નહોતું, આભ પણ પડ્યું નહોતું!

સિંહે બરાડો માર્યો: 'અરે મૂરખની સરદાર! તને ને આ સૌને શું કહેવું? તારી બીકનો તે કૈં પાર છે!'

☆



# ઊંટની ઉત્પત્તિ


☆

બે ઘોડા હતા. એ બેઉ મિત્રો હતા.

ગાડી ખેંચીને એમનો દમ નીકળતો હતો. એક દહાડો બેઉ રસ્તામાં મળ્યા.

'હું તો હવે કંટાળ્યો છું.' એકે કહ્યું.


'હું યે કંટાળ્યો છું તે લાગ જોઈને નાસી જઈશ.' બીજાએ જણાવ્યું.



'તો તો સુખી થઈશ.' પેલાએ કહ્યું.

અને પેલો ઘોડો નાસી છૂટ્યો. એ જંગલમાં ગયો. એણે બ્રહ્મા પાસે જઈને બીજી ંદગી માગવાનો વિચાર કર્યો ને શાની જિંદગી માગવી તે નક્કી કરીને પછી બ્રહ્મા પાસે જવું એમ મન સાથે એણે ઠરાવ કર્યો.

જંગલમાં એ લહેર કરતો ફરવા અને કૂદવા લાગ્યો. એને ખૂબ મજા પડી.



ફરતાં ફરતાં એની નજર સુંદર ઠેકડા મારતાં હરણા પર પડી.

આવા મઝાના પાતળા પગ હોય તો ખૂબ ખૂબ કૂદાય. આપણે પાતળા અને લાંબા પગ બ્રહ્મા પાસે માગીશું.

લાંબા પગ તો ઈચ્છવા જોગ છે ને બીજી જીંદગીમાં એ હશે તો મઝા પડશે.

આમ વિચાર કરતો કરતો ને ફલાંગો ભરતો ઘોડો દોડવા લાગ્યો.



સરોવરને કાંઠે લીલી કુંજાર ધરો હતી તે એ ચરતો હતો.

એવામાં એની બાજુમાંથી કશુંક કૂદ્યું એણે જોયું તો બે ત્રણ સસલાં નાસતાં હતાં. તે જોઈને એને વિચાર આવ્યો કે આની પેઠે બિલકૂલ અવાજ કર્યા સિવાય જવાય તો કેવું! મારા પગ તો ખટ ખટ બોલે છે એને બદલે પગે નરમ મઝાની ગાદી હોય તો અવાજ ન થાય. એ પણ




માગી લઈશું.

એ બ્રહ્માજી પાસે ગયો ને કહ્યું:
'બાપજી! મને બીજો અવતાર આપો.'

'શાનો અવતાર?' બ્રહ્માએ પૂછ્યું.

'મને એવો અવતાર આપો કે જેમાં મારે હરણ જેવા લાંબા પગ હોય, હંસ જેવી મઝાની વળાંક લેવાય એવી ડોક હોય, ગોધા જેવું અતૂલ બળ ને સસલા જેવા ચાલતાં અવાજ ન થાય એવા પગ હોય.'



એની નજર એક સુંદર સરોવર ઉપર પડી. એમાં મઝાનાં કમળો ખીલ્યાં હતાં ને રાજહંસો તરતા હતા.

રાજહંસની ડોક એની નજરમાં વસી ગઈ. એને વિચાર આવ્યો: આવી મઝાની લાંબી ડોક હોય ને ડોકને છેડે માથું હોય તો ભારે મઝાનું. ઉંચું ઝાડ હોય તો પણ આપણી ડોક લંબાવીને ખાઈ શકાય. એ પણ માગી લઈશું.




આગળ જતાં એણે એક પાડાને આખલા સાથે લઢતાં જોયો.

બેઉ સામે હરેરાટી કરે, પાછા હઠે ને દોડીને એક બીજા જોડે માથાં ભટકાવે.

એ જોઈને ઘોડાને થયુંઃ આવું અતૂલ બળ હો તો મઝા પડે. કેવા એક બીજાની જોડે ટકરાય છે! આપણે એવું અતૂલ બળ પણ બ્રહ્માજી પાસે માગીશું.


એ આગળ ચાલ્યો.



'એવું પ્રાણી નમૂના તરીકે બનાવું છું એ જો તને ગમશે તો કાયાપલટ કરી આપીશ.' એમ કહી બ્રહ્માજીએ એક મોટું મઝાનું પ્રાણી બનાવ્યું.

એની કાયા વિશાળ હતી, લાંબા પગ હતા. પગે સુંદર ગાદી હતી. વળાંક લેવાય એવી ડોક હતી ને અતૂલ બળ હતું.

એ હતું ઊંટ. ઘોડાની માગણી મુજબ એમણે એને ઘડ્યું હતું.




ઘોડાએ એને ધારી ધારીને જોયું. એ એને વરવું લાગ્યું. આવું બેડોળ! આવું વિચિત્ર! આ તો કૈં સારૂં નહિ.

'મારે એવા નથી થવું.' ઘોડો બોલ્યો.

'તો કૈં નહિ.' બ્રહ્માજીએ કહ્યું. 'ફરીથી ન આવતો. નહિ તો તને એવો કરી દઈશ.'

ઘોડો ત્યાંથી નાસી છૂટ્યો ને છાનો માનો તબેલામાં આવી ઊભો રહ્યો.

☆




# અજાણ્યો મિત્ર

☆

એક હતો કાગડો ને એક હતું હરણ. બેઉને ભાઈબંધી હતી.

અવારનવાર કાગડો હરણના માથાપર બેસે, કૉ કૉ કૉ કરે ને બેઉ પોતાનાં સુખદુ:ખની વાતો કરે.


કાગડો ડાળે બેસે ને હરણ કૂદકા મારે.



એક દહાડો હરણ ચરવા ગયું હતું એવામાં એક શિયાળની એના ઉપર નજર પડી.

એને જોઈ શિયાળના મોઢામાં પાણી આવ્યું ને એ વિચાર કરવા લાગ્યું કે આ હરણ આપણો સપાટામાં આવે તો ભારે મઝા પડે !

એ હરણ પાસે આવ્યું અને લાંબા વખતની ઓળખાણ હોય તેમ ખબર પૂછી.




'કેમ દોસ્ત! મઝામાં છે ને?'

હરણને નવાઈ લાગી તેથી એણ સામું પૂછયું: 'તું કોણ છે?'

'મિત્ર! હું તો શિયાળ છું. તારા જેવો દોસ્ત મળવાથી મને ખૂબ આનંદ થયો.'

ભોળું હરણ ભોળવાઈ ગયું ને એને શિયાળ જોડે ભાઈબંધી બાંધી.

સાંજે હરણ રહેવાને ઠેકાણ ગયું ત્યારે શિયાળ પણ એની સાથે ગયું. એને જોઈ




કાગડે પૂછ્યું: 'મિત્ર! આ કોણ છે?'

'એ શિયાળ છે અને આપણો નવો ભાઈબંધ છે.' હરણે જવાબ આપ્યો.

'અજાણ્યા સાથે દોસ્તી કરવી સારી નથી.' કાગડો બોલ્યો.

'ગભરાવ નહિ, હું પણ વફાદાર મિત્ર થઈને રહીશ.' શિયાળે જણાવ્યું.

'શિયાળ મઝાનું છે ને એની વફાદારી બાબત મને શંકા નથી.' હરણે કહ્યું.




કેટલાક દહાડા હરણ શિયાળ જોડે ફર્યું ને કાગડાને પણ સારૂં લગાડ્યું.

એક દહાડો એ હરણને એક હરિયાળા ખેતરમાં લઈ ગયું. હરણને ખૂબ મઝા પડી. એ તો રોજ ત્યાં જવા લાગ્યું.

ખેડુતે રોજ રોજ બગાડ થતો જોઈ પોતાના ખેતરમાં જાળ પાથરી.

હરણ ખેતરમાં પેઠું ને ચરતુ ચરતુ જાળ બીછાવેલી ત્યાં આવી ચઢ્યું.




જાળમાં એનો પગ પડ્યો અને એ સપડાઈ ગયું. એનાથી નાસી શકાયું નહિ.

એ ફસડાઈ પડ્યું.

પોતાની આ દુર્દશાથી હરણ ગભરાઈ ગયું. એને વિચાર આવ્યો કે મારું મિત્ર શિયાળ આવે તે જાળ કાપીને ઉગારે.


એવામાં શિયાળ ત્યાં આવી પહોંચ્યું. હરણે એને જાળ કાપવા કહ્યું.



પણ શિયાળને જોઈતો લાગ મળ્યો હતો એટલે એણે ઢોંગ કરીને કહ્યું: 'આજે અગિયારસ છે ને મને ઉપવાસ છે. તારી જાળ તાંતની બનાવેલી છે તે મારાથી શી રીતે કરડાય ! હું બહુ દિલગીર છું.'

એમ કહી શિયાળ સંતાઈ ગયું.

સાંજ પડી ને કાગડો ઘેર આવ્યો. એણે હરણને જોયું નહિ એટલે એના પેટમાં ફાળ પડી. એ તપાસ કરવા ઉપડ્યો.




ફરતાં ફરતાં એની નજર જાળમાં ફસી પડેલા હરણ ઉપર પડી. એ તરત હરણ પાસે ગયો ને પૂછ્યું: 'મિત્ર! તારી આ દશા કોણે કરી?'

'તારી શિખામણ ન માની તેનું આ પરિણામ છે.' એમ કહી હરણે બધી વાત કરી.

'મેં તો તને પહેલેથી કહ્યું હતું.'

'પણ હું ભોળવાઈ ગયો.' હરણે કબૂલ કર્યું. 'હવે મને છૂટો કર.'




'હમણાં તો કાંઈ થાય એમ નથી. સવાર સુધી થોભવું પડશે.' કાગડે કહ્યું.

'ભલે.' હરણ બોલ્યું.

બીજે દહાડે સવારે કાગડાએ પેલા ખેતરના માલિકને હાથમાં ડંડુકો લઈને દૂરથી આવતો જોયો એટલે એણે હરણને શું કરવું તે સમજાવ્યું.

હરણે તે પ્રમાણે કરવાનું કબૂલ કર્યું. પોતે જાણે મરણ પામ્યું હોય તેમ




પેટ ફુલાવીને હરણ પડી રહ્યું. એ બિલકુલ હાલતું કે ચાલતું પણ ન હતું.

એના માથા ઉપર બેસીને જાણે એની આંખો ખોતરતો હોય એવો કાગડે ઢોંગ કર્યો.

ખેતરવાળાએ તે જોયું. એને એમ થયું કે હરણ પોતાની મેળે જ મરી ગયું છે ને એનું પેટ ફુલી ગયું છે.

એટલે એણે ધીરેથી જાળ છોડી નાખી.




જાળ છૂટી થઈ એટલે પહેલેથી કરી રાખેલી ગોઠવણ મુજબ કાગડો બોલ્યો: 'કૉ, કૉ, કૉ!'

એ સાંભળતાં હરણ સમજ્યું કે એની જાળ છૂટી ગઈ હતી. એટલે એ તો એકાએક સફાળું કૂદકો મારીને નાઠું.

એ તો જીવ લઈને ભાગ્યું.

એને દોડતું જોઈ ખેતરવાળાએ એના તરફ છૂટો ડંડુકો ફેંક્યો.



હરણ તો દોડી ગયું પણ ડંડુકો જાળા પાછળ છૂપાયેલા શિયાળના માથા પર પડ્યો ને એવો જોરથી વાગ્યો કે શિયાળને તમ્મર ચઢી ને એ મરી ગયું.

હરણને ફસાવતાં એ પોતે મરી ગયું.

કાગડે પોતાની ફરજ બજાવી.

☆